

## સમી સાંજે કુદરતે કરવટ બદલતા જનજીવન પ્રભાવિત

ભિલોડા અને વિજયનગર તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં સમી સાંજે વાવાઝોડું ફુંકાયુ હતું. ખેડુતો ચિંતિત થઈ ગયા હતા.ઉનાળાની સિઝન દરમ્યાન ચૈત્ર માસમાં દિન પ્રતિ દિન ગરમી એ કાળો કેર વર્તાવ્યો હતો.અસહ્ય કાળઝાળ ગરમી દરમ્યાન વાતાવરણમાં સમી સાંજે એકાએક પલટો આવતા વાતાવરણ ધુળીયું થઈ ગયું હતું.વાતાવરણમાં આંશિક ઠંડક પ્રસરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. હુસેલ ( ઘઉં નું ભુસું) મહા મુલ્યવાન સુકો ધાસચારો ઉડતાં પશુપાલકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

# બાયડના પ્રાંત અધિકારીનો ખનીજ માફિયાઓ પર સપાટો

અરવલ્લી જીલ્લામાં ખનીજ માફિયાઓ મનફાવે ત્યાં ખનન કરી ખુલ્લેઆમ ખનીજ ચોરી કરી કરોડો રૂપિયાનો સરકારને ચુનો ઓચિંતુ ચેકીંગ બાયડ તાલુકામાં હાથ ધરવામાં આવ્યું હતું. બાયડ તાલુકાના સાઠંબા નજીક બાયડ પ્રાંત અધિકારી તેમજ મહેસુલ ચોરીની લૂંટ ચલાવવામાં આવી રહી છે બાયડ તાલુકામાં મોટાપાયે ખનીજ ચોરી થતી હોવાનું પ્રાંત અધિકારીને ધ્યાને આવતા પ્રાંત ચેકિંગ હાથ ધરાતા કાર્યવાહી હાથ ધરવામાં આવી અને પકડી પડાયેલા ડંપરને પોલિસના હલાવે કરી દેવાયું છે. ધરતાં સફળતા મળી છે. પણ માલપુર, મેઘરજ, ભિલોડા તેમજ મોડાસા તાલુકાઓમાં પણ ખનન થઈ રહ્યું છે.





લગાવી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં રોયલ્ટી પાસ વગર અને રોયલ્ટી પાસ થી ત્રણ ગણું ખનીજનું વહન કરવામાં આવી રહ્યું છે ત્યારે બાયડમાં રોયલ્ટી વિના હેરાફેરી કરી રહેલા ૨૭ જેટલા ડંપરનું વિભાગ દ્વારા ચેકિંગમાં ખનીજ ચોરીને પકડી પાડવામાં આવી હતી ઓચિંતી કાર્યવાહી શરુ થતા ખનન માફિયાઓ ભૂગર્ભ ઉતરી જવા મજબુર બન્યા હતા.

અરવલ્લી જિલ્લામાં ખનીજ અધિકારીએ સાઠંબા નજીક ઓચિંતુ ચેકિંગ હાથ ધરીને ૨૭ ડંપરની ચકાસણી કરવામાં આવતા ૧ ડંપરને પકડી પાડ્યું હતું. જિલ્લામાં ઠેર ઠર ચાલતા ખનનને લઈને બાયડ તાલુકામાં ઓચિંતુ

મહત્વનું છે જિલ્લામાં સક્રિય થયેલા ખનન માફિયાઓ ખાણ ખનીજ વિભાગની નાક નીચે કરોડો રૂપિયાનો સરકારને ચુનો લગાવી રહ્યા છે. હાલ તો બાયડ પ્રાંત અધિકારીએ ઓચિંતુ ચેકિંગ હાથ

મોડી રાત્રે જિલ્લામાંથી અનેક ટ્રેકટર, ડંપર સહિતના વાહનો જિલ્લાના રસ્તાઓ પર બેરોકટોક બેફામ ફરી રહ્યા છે. જોકે આવા ખનન માફિયાઓ પર ક્યારે લગામ લાગશે તે એક સવાલ છે.

# અમદાવાદના ગોતાના બુટલેગરને ઈન્ડિગો કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે દબોચ્યો

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ થોડો સમય ભૂગર્ભ જતા રહેલા બુટલેગરો ફરીથી સક્રિય થતા નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડાયા પ્રયત્નશીલ બન્યા છે શામળાજી પોલીસે અમદાવાદના ગોતા વિસ્તારમાં કર્મચારી સોસાયટી ચાણક્યપુરી રહેતા સંજય પ્રભુદાસ ડામોર ને ઈન્ડિગો કારમાં વિદેશી દારૂના રૂ.૨૬૩૫૦/-ના જથ્થા સાથે રાજસ્થાન તરફથી પ્રવેશતો રતનપુર ચેકપોસ્ટ નજીક થી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




અરવલ્લી જિલ્લામાં એક બાદ એક દારૂના અડ્ડાઓ પર પોલીસની તરાપ જોવા મળી રહી છે તો બીજી બાજુ રાજસ્થાન સીમા પરથી દારૂ પકડવાની સીલસીલો યથાવત્ જ રહ્યો છે. રાજસ્થાન તરફથી આવતા વાહનોના સઘન ચેકિંગ દરમિયાન રાજ્યમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવતા ભારતીય બનાવટનો વિદેશી દારૂને પોલિસે પકડી પાડ્યો છે. શામળાજી પોલિસ સ્ટેશનના પોલિસ સબ ઈન્સપેક્ટર કે. વાય. વ્યાસ અને તેમનો સ્ટાફ રાણપુર નજીક અણસોલ ગામની સીમ નજીક ચેકિંગ હતાં ત્યારે ટાટા ઈન્ડિયા કાર નંબર GJ 01 CT2508 તપાસ કરતા તેમાંથી દારૂની કુલ બોટલ ૩૧ નંગ, દારૂની કુલ કિંમત રૂ.૨૬૩૫૦/- સહિત ગાડી અને એક મોબાઈલ ફોન સાથે આરોપી સંજયકુમાર પ્રભુદાસ ડામોર ને ઝડપી પાડી જેલના હવાલે મોકલી દીધો હતો પોલિસે દારૂ સહિત કુલ ૨,૨૮,૩૫૦ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




## મોડાસામાં પોલીસલાઈન બોયઝ દ્વારા પક્ષીઓ માટે મફત પીવાના પાણીના કુંડાનું વિતરણ

ગુજરાત પોલીસ લાઈન બોયઝ હેલ્પ સેન્ટરની અરવલ્લી જીલ્લા શાખા દ્વારા જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પીવાના પાણીનું જાહેરસ્થળો પર પ્રજાજનોને મફત વિતરણ કર્યું હતું, તદઉપરાંત પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારોને આકસ્મિક મુસીબતમાં સેવારૂપે મદદ પણ કરવામાં અગ્રેસર રહે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા પ્રમુખ પરેશ સોલંકી, ઉપપ્રમુખ ભાવેશ ચાવડા, નિલેશ બારોટ, મંત્રી જીગ્નેશ રાઠોડ, નીતિરાજસિંહ પુવાર અને પોલીસ લાઈન બોય દ્વારા કરવામાં આવ્યું હતું.

### મેઘરજના નામચીન બુટલેગર રમેશના ઘર પર

# સ્ટેટ વિજિલન્સની ટીમે ત્રાટકી ૨.૪૧ લાખના દારૂ સાથે ઝડપ્યો

અરવલ્લી જીલ્લામાં કડક દારૂબંધી હોવાના દાવા કરાઈ રહ્યા છે બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં માંગો તે બ્રાન્ડ નો વિદેશી દારૂ મળી રહ્યો છે જીલ્લામાં વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર અને સ્થાનિક પોલીસતંત્રની નાકનીચે મેઘરજ નદીના પુલના છેડે વિદેશી દારોનો મોટાપાયે અડ્ડો ચલાવતા રમેશ અરજન ભાઈ ડામોર ના બાંઠીવાડા (અજુ હિરોલા) ગામે સ્ટેટ વિજિલન્સની ટિમ ત્રાટકી રૂ.૨૪૧૨૦૬/- નો વિદેશી દારૂ સાથે રમેશ બુટલેગરને દબોચી લીધો હતો સ્ટેટ વિજલન્સી તપાસ દરમિયાન રાજસ્થાન સરથુના ના અંબાલાલ અને પ્રકાશ નામના બુટલેગર ભાગવામાં સફળ રહેતા મેઘરાજ પોલીસે બંને આરોપીઓ ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મેઘરજ નદીના કાંઠે ખુલ્લેઆમ વિદેશી દારૂનો ઠેકો ચલાવતા અને રાજ્યમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવતા રમેશ નામના બુટલેગર ઘરે સ્ટેટ વિજિલન્સ ગાંધીનગરની ટીમે સ્થાનિક પોલીસ અને બાહોશ ગણાતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલને ઉંઘતા રાખી રેડ પાડતા જીલ્લા પોલીસતંત્રમાં ખળભળાટ મચ્યો હતો જીલ્લા પોલીસવડા મયુર પાટીલ મેઘરજ પોલીસ સ્ટેશને પહોંચી સ્થાનિક પોલીસ અને જીલ્લાની પોલીસ તંત્રની કામગીરીનો તાગ મેળવવા કવાયત હાથધરી હતી મેઘરજના સામાન્ય માણસ ને પણ રમેશના વિદેશી દારૂના ઠેકાની ખબર છે ત્યારે સ્થાનિક પોલીસ અને જીલ્લા પોલીસતંત્રની વિવિધ એજન્સીઓ કઈ રીતે અજાણ હોઈ શકે...? તે નવાઈ ઉપજે છે.



શનિવારે સ્ટેટ વિજિલન્સની ટીમે મેઘરજના નામચીન અને કુખ્યાત બુટલેગર રમેશ ના ઘરે ત્રાટકી હતી જીલ્લા પોલીસતંત્રને ખિસ્સામાં લઈને ફરતો હોવાની શેખી મારતો અને પોલીસતંત્રમાં વહીવટદારો થકી અધિકારીઓને સાચવી લેતો રમેશ અરજન ભાઈ ડામોર ના ઘરે સ્થાનિક પોલીસ કે વિવિધ એજન્સીઓ રેડ પાડતા પણ ફફડાટ અનુભવી રહી હતી સ્ટેટ વિજિલન્સની ટીમે રમેશ અરજન ડામોર અને જીલ્લા પોલીસતંત્રને ઊંઘતી રાખી મેઘરજ નજીક આવેલા તેના બાંઠીવાડા (અજુ હિરોલા) ગામે ત્રાટકી રમેશને દબોચી લઈ તેના ઘરેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ/ટીન નંગ-૨૩૮૪ કી.રૂ. ૨૪૧૨૦૬ તથા પીક-અપ વાન કીં.રૂ.૧૦૦૦૦૦/- અને મોબાઈલ નંગ-૩ કી.રૂ.૨૦૦૦/- મળી કુલ રૂ.૩૪૩૨૦૬/- નો મુદ્દામાલ જપ્ત કરી રમેશ અરજન ડામોરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ પોલીસ રેડ જોઈ રાજસ્થાન સરથુના ના અંબાલાલ અને પ્રકાશ નામના બુટલેગર ભાગવામાં સફળ રહેતા ત્રણે શખ્શો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ મેઘરજ પોલીસને સુપ્રત કરતા મેઘરજ પોલીસે ફરાર બંને શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ભિલોડા તાલુકાના સુરપુર ગામમાં ખેડુતને ઝેરી સાપે દંશ દેતાં મોત નિપજ્યું

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુરપુર ગામમાં સીમવિસ્તારમાં વહેલી સવારે ખેડુતને જમણા પગમાં નીચેના ભાગે ઝેરી સાપે દંશ દેતાં ખેડુતનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

ભિલોડા તાલુકામાં ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં ઝેરી જીવજંતુઓ તેમજ ઝેરી સાપ જમીનની અંદર બનાવેલા દરમાંથી બહાર ફરતા થઈ ગયા હોવાના કારણે સીમવિસ્તારોમાં ખેડુતો, શ્રમજીવીઓ, પશુપાલકો અને પ્રજાજનો ભયભીત છે.

ભિલોડા તાલુકાના સુરપુર ગામના ખેડુત જયંતીભાઈ મોહનભાઈ પાંડોર (આશરે ઉંમર વર્ષ-૪૮,રહેવાસી.સુરપુર)વાળા વહેલી સવારે ખેતરમાં બ્રશ કરતા હતા તે અરસામાં ઝેરી સાપે ખેડુતના જમણા પગના નીચેના ભાગે દંશ દેતાં ખેડુતે બુમાબુમ કરી મુકતા ઘટનાસ્થળે આજુબાજુના ખેડુતો તેમજ લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા. ખેડુતને ઝેરી સાપે દંશ દેતાં તાબડતોબ વાહન મારફતે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર અર્થે ધોલવાણી ત્રણ રસ્તા ખાતે લઈ ગયા હતા. ખેડુતને વધુ સારવાર અર્થે હિંમતનગર પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા હતા ત્યાં સારવાર દરમ્યાન ખેડુતનું મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

# બનાસકાંઠાની જીવદયા સંસ્થાઓના સંચાલકો ફરી આક્રમક મૂડમાં

### જીવતા પશુઓની નિકાસ બંધ ના થાય તો આંદોલનની ચીમકી

ડીસા

ડીસામાં આજે બનાસકાંઠા જિલ્લાની ૧૩૬ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ સરકારની પશુ નિકાસની નીતિના વિરોધમાં ખાસ બેઠક યોજી અને પાંજરાપોળના સંચાલકોએ જીવિત પશુઓની નિકાસનીતિના વિરોધમાં ડીસા ખાતે બેઠક યોજી વિરોધ નોંધાવ્યો હતો.સરકાર દ્વારા અગાઉ નાગપુરથી જીવિત પશુઓની આરબ દેશોમાં નિકાસ કરાતી હતી.. જેની સામે ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ વિરોધ નોંધાવતા સરકારે નાગપુરથી નિકાસ બંધ કરી જોધપુર અને અન્ય બંદરોથી જીવિત પશુઓની નિકાસ શરૂ કરી હતી.જોકે જીવિત પશુઓની નિકાસનો ગૌશાળાના સંચાલકો દ્વારા ફરી વિરોધ કરાતા સરકારે ચૂંટણીઓને ધ્યાને લઈને જીવિત પશુઓની નિકાસ બંધ કરવાની લેખિત ખાતરી આપી હતી.પરંતુ ફરી ચૂંટણી સંપન્ન થયા બાદ સરકારે પાછલા દરવાજે જીવિત પશુઓની નિકાસ શરૂ કરી દીધી હોવાના અહેવાલો મળતા ગૌશાળાના સંચાલકોએ ડીસા ખાતે એક બેઠક યોજી સરકાર સામે મોરચો માંડવા બાયો ચઢાવી છે.



આ બેઠકમાં ઉપસ્થિત રહેલા બનાસકાંઠાની ગૌશાળા અને પાંજરાપોળના કુલ ૧૩૬ સંચાલકોએ સરકારને જીવિત પશુઓની નિકાસ બંધ કરવા અપીલ કરી જીવિત પશુઓની નિકાસ બંદ કરવામાં ના આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જલદ આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

બનાસકાંઠાની ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓના સંચાલકો હંમેશા જીવદયાને લઈ સરકારને ઘેરવાનો પ્રયાસ કરે છે ત્યારે આજે જિલ્લાની ગૌશાળા સરકાર દ્વારા કરાતી જીવીત પશુઓની નિકાસ સામે વિરોધ નોંધાવી આગામી સમયમાં સરકાર પશુઓની નિકાસ બંધ ના કરે તો જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# ભાણમેર ગામ પાસેથી ઝાયલો કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ સરહદી વિસ્તારમાં આવેલ ભાણમેર ગામ પાસેથી પરપ્રાંતિય વિદેશી દારૂ પાસ પરમીટ વગરનો ગેરકાયદેસર રીતે ઝાયલો કારમાં ભરી વહન થઈ રહ્યો હતો.પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે રૂા.૩,૦૨,૪૦૦/- નો વિદેશી દારૂ સહિત કુલ મુદ્દામાલ રૂા.૬,૦૨,૪૦૦/- નો પોલીસ રેઈડ દરમ્યાન ઝડપાયો હતો. ઝાયલો કાર ચાલક કાર મુકી પલાયન થઈ ગયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. મણીલાલના જણાવ્યા મુજબ ભાણમેર ગામના સીમ વિસ્તારમાંથી વહેલી સવારે ૪:૩૦ વાગ્યાના અરસામાં ઝાયલો કાર નં. જી.જે.૦૨. એ.પી. ૮૮૩૫ નો ચાલક કારમાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગરનો ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂ (૧) લીમાનોવ વોડકા પેટી નંગ.૨૦ બોટલ નંગ. ૨૪૦ કિં. ૧,૬૮, ૦૦૦/- (૨) ઓફીસર ચોઈસ ક્લાસીક વ્હીસ્કી પેટી નંગ.૧૫ બોટલ નંગ.૧૮૦ કિં. ૧,૦૮, ૦૦૦/ (૩) હેવર્ડ ૫૦૦૦ બિયર ટીન પેટી નંગ.૧૧ ટીન નંગ.૨૬૪ કિં. ૨૬,૪૦૦/- કુલ કિં.૩,૦૨,૪૦૦/- નો વિદેશી દારૂનો મુદ્દામાલ વહન કરી લઈ આવતી ઝાયલો કારની કિંમત રૂા.૩,૦૦, ૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૬,૦૨, ૪૦૦/- નો પોલીસ રેઈડ દરામ્યાન ઝડપાયો હતો.



## વિશ્વાસ ગ્રુપ દ્વારા આદિવાસી વિસ્તારમાં સ્લીપર વિતરણ કરાયા

વિશ્વાસ ગ્રુપ દ્વારા આદિવાસી વિસ્તારમાં આવેલા અંતરિયાળ વિસ્તારના માળ ગામની પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૫ મા અભ્યાસ કરતા ૧૩૬ બાળકોને છત્રના આખરી દિન પરિણામ ના દિવસે અસહ્ય ૪૦ ડીગ્રી ગરમીમાં ચંપલ તેમજ પારલેજી બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યા. આ પ્રસંગે વિશ્વાસ ગ્રૂપના દેવેન રાવલ પ્રદીપ કટારીયા તેમજ ગૌરાંગભાઈ પાધ્યા -સ્વામી વિવેકાનંદ જિલ્લા સંયોજક, નરેશભાઈ ચૌહાણ- દિવ્યભાસ્કર બ્યુરો ચીફ બનાસકાંઠા, હિતેશ પ્રજાપતિ-સ્વામી વિવેકાનંદ સંયોજક દાંતા, ડેનિસ મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણ જિલ્લામાં પરપ્રાંતિયોને કામે રાખતાં પહેલાં પોલીસને જાણ કરવી પડશે

પાટણ જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.જી. પ્રજાપતિએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના કોઈપણ માલિકે જયારે કોઈ પણ વ્યકિતને મજુરી તરીકે રાખવામાં આવે ત્યારે મજુરનું પૂરેપુરુ નામ સરનામું, મજુરનું પાટણ જિલ્લાનું સરનામું, તેની સાથેના માણસોની વિગત, જેના ઘરે મજુર તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ સરનામું, બે ત્રણ તમામ માલિકોના નામ સરનામા તથા મજુર તરીકેનો સમયગાળો, બાહેંધરી અગર જેના મારફતે મજુર તરીકે રાખેલ હોય તેનું માલિકનું નામ સરનામું, પાટણ જિલ્લામાં ઓળખીતાના નામ સરનામા તથા ટેલીફોન નંબર, વતનનું સરનામું પો.સ્ટે. સહીત તથા વતનમાં રહેતા તેના ભાઈ-બહેન-માતા-પિતાના નામો, પરણિત હોય તો સાસરીનું નામ સરનામું, મજુરનું ચહેરા નિશાન ઉ.વ. ઉંચાઈ વર્ણન અભ્યાસ વિગેરે, ઓળખી શકાય તેવી નિશાની, લેબર કોન્ટ્રાકટરનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર, સાથે કરવાની રહેશે.

આ હુકમ તા.૦૧/૦૫/૨૦૧૯ના ૦.૦૦ કલાકથી તા.૩૦/૦૬/૨૦૧૯ના ૨૪.૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાન્ત અમલમાં રહેશે જેનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ વિરૂદ્ધ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# મેઘરજના કુણોલ ગામે દહેજના દુષણ સામે જંગ હારી પરણિતા

ગુજરાતમાં હજુપણ કેટલાક સમાજમાં અને દહેજની પ્રથા યથાવત હોવાથી અનેક મહિલાઓ પતિ અને સાસરિયાઓ દ્વારા દહેજની માંગણી સાથે સતત અપાતા માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળી આત્મહત્યાનો માર્ગ અખત્યાર કરતી હોય છે દહેજ લાલચુ પતિ અને સાસરીપક્ષ વાળાઓએ પરિવારની મહિલા ગુમાવવાની સાથે જેલના સળિયા પાછળ હવા ખાવાની નોબત આવતી હોવાના અનેક કિસ્સાઓ છતાં દહેજ ભૂખ્યા પતિ અને સાસરીપક્ષના લોકોની આંખો ખુલતી નથી.

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કુણોલ ગામે મહિલાને તેના પતિ,જેઠ અને સાસુએ દહેજ અંગે મહેણાં-ટોણાં મારી ૨ લાખ રૂપિયા પિયર માંથી લઈ આવવા દબાણ કરતા મહિલાએ એસિડ ગટગટાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી દહેજના પાપે ૨ બાળકોએ માતાની મમતા ગુમાવાનો વારો આવ્યો હતો.

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના બોલુન્દ્રા મદનસિંહ ગોબરસિંહ ચૌહાણની નિરૂબા નામની દીકરીના ૬ વર્ષ અગાઉ સમાજના રીતરિવાજ મુજબ મેઘરજના કુણોલ ગામે અનવરસિંહ ઉર્ફે અનિલસિંહ ભમ્મરસિંહ રાઠોડ સાથે પરણાવી હતી સુખરૂપ સંસારના ભાગરૂપે મહિલાને ૫ વર્ષીય અને ૩ વર્ષીય દીકરાઓનો જન્મ થયો હતો હર્યા ભર્યા પરિવારમાં દહેજના આતંકે મહિલાનો ભોગ લીધો હતો મહિલાના પતિ અનવરસિંહ ઉર્ફે અનિલસિંહ ભમ્મરસિંહ રાઠોડ, સૂર્યાબા ભમ્મરસિંહ રાઠોડ (સાસુ) અને પ્રભાતસિંહ ભમ્મરસિંહ રાઠોડ (જેઠ) ત્રણેય ભેગા મળી નીરૂબાને દહેજની માંગ સાથે મકાન બનાવવા ૨ લાખ રૂપિયા તારા બાપાના ઘરે થી લઈ આવ કહી સતત માનસિક-શારીરિક ત્રાસ આપતા મહિલાએ અસહ્ય બનેલા ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી મહિલાએ આત્મહત્યા કરી લેતા પિયરપક્ષ વાળા દોડી આવ્યા હતા અને આક્રંદ કરી મુકતા અને દહેજના લીધે દીકરીએ આત્મહત્યા કરી લેતા નીરૂબા ના પિતાએ ઈસરી પોલીસ સ્ટેશનમાં પતિ,સાસુ અને જેઠ સામે ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે અનવરસિંહ ઉર્ફે અનિલસિંહ ભમ્મરસિંહ રાઠોડ, સૂર્યાબા ભમ્મરસિંહ રાઠોડ (સાસુ) અને પ્રભાતસિંહ ભમ્મરસિંહ રાઠોડ (જેઠ) વિરુદ્ધ ઈપીકો કલમ ૪૯૮ (ક),૩૦૬, તથા દહેજ પ્રતિબંધક ધારા ૪ કલમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.